# ગુજરાતમાં સંઘમાં સામેલ થતાં સભ્યની સંખ્યામાં સતત વધારો

## ગુજરાતમાંથી વર્ષ ૨૦૧૪માં દર મહિને ૪૯૦ રિક્વેસ્ટ આવી છે : વર્ષ ૨૦૧૩માં આંક મહિને ૨૫૦૦નો હતો


અમદાવાદ, તા.૪

ગુજરાતમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં સામેલ થઈ રહેલા સભ્યોની સંખ્યામાં ઉલ્લેખનીય વધારો થયો છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં વધતા સભ્યોની સંખ્યા માટે જુદા જુદા કારણો આપવામાં આવ્યા છે. દેશની સાથે સાથે ગુજરાતમાં પણ સંખ્યા વધી છે. આ સંદર્ભમાં દાવો પણ કરવામાં આવ્યો છે. હાલમાં કઠવાડા ખાતે શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આંકડા દર્શાવે છે કે, વર્ષ ૨૦૧૨માં દર મહિને વેબસાઈટ ઉપર આરએસએસમાં સામેલ થવા ૧૦૦૦ વિનંતી મળી રહી હતી જેની સરખામણીમાં વર્ષ ૨૦૧૩માં આ સંખ્યા વધીને મહિને ૨૫૦૦ ઉપર પહોંચી હતી જ્યારે વર્ષ ૨૦૧૪માં આ સંખ્યા વધીને મહિને ૯૦૦૦ ઉપર પહોંચી છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં સભ્યોની વધતી જતી સંખ્યાને લઈને એક અગ્રણી અંગ્રેજી અખબારમાં અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યા હતા. ગુજરાતી આંકડાની વાત કરવામાં આવે તો ગુજરાતમાં દર મહિને સંઘમાં સામેલ થવા ૪૫ વિનંતી મળી રહી છે. ૨૦૧૩માં આ આંકડો ૧૮૦ જ્યારે ૨૦૧૪માં આ આંકડો વધીને ૪૯૦ ઉપર પહોંચ્યો છે. યુવાનોની સંખ્યા વધારે દેખાઈ રહી છે. કેરળમાં પણ મોટી સંખ્યામાં સભ્યો જોડાયા છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા શિબિરનું આયોજન પણ કરવામાં આવે છે. જુદા જુદા કાર્યક્રમો યોજવામાં આવે છે. હાલમાં જ ધર્માંતરણની પ્રવૃત્તિને લઈને આરએસએસની કોંગ્રેસ અને અન્ય રાજકીય પક્ષો દ્વારા વ્યાપક ટિકા કરવામાં આવી હતી. જો કે, આ સંદર્ભમાં સંઘના લોકોએ વિપક્ષોના આક્ષેપોને રદિયો આપ્યો હતો.

# શહેરના મોટાભાગના રસ્તાઓ અઠવાડીયા માટે બંધ

## વાઈબ્રન્ટ દરમ્યાનનો આમ જનતા માટેનો રૂટ જાહેર કરાયો

વાઈબ્રન્ટ સમિટ અને પ્રવાસી ભારતીય દિવસને પગલે વિદેશી મહાનુભાવો તથા દેશના વડાપ્રધાનથી માંડીને અનેક નામાંકીત વીવીઆઈપીનું આગમન ગાંધીનગરમાં થનાર છે. જેમની સલામતીના કારણોસર તથા ટ્રાફિક વ્યવસ્થાપનના ભાગરૂપે ગાંધીનગર શહેરના મોટાભાગના રસ્તાઓ એક અઠવાડીયુ આમ જનતા માટે બંધ કરી દેવા જાહેરનામુ બહાર પાડી દેવાયું છે. જાહેર જનતા માટે વાઈબ્રન્ટ સમીટ ૧૩ જાન્યુઆરી સુધી કયા રસ્તાનો ઉપયોગ કરવો તેનો રૂટ જાહેર કરી દેવામાં આવ્યો છે.




● તા. ૮ જાન્યુઆરીથી તા. ૧૪ જાન્યુઆરી દરમ્યાન કોબા સર્કલથી શાહપુર ચોકડી આવતા જતા વાહન ચાલકોએ મેઈન રોડનો ઉપયોગ ન કરતા સર્વિસ રોડનો ઉપયોગ કરવો.

● તા. ૮ જાન્યુઆરીથી તા. ૧૪ જાન્યુઆરી દરમ્યાન એસ.જી. હાઈવે વૈષ્ણોદેવીથી ગાંધીનગર શહેરમાં આવવા માટે ઉવારસદ ચોકડીથી ડાબી બાજુ આવેલ ગામથી સ્ટેટ હાઈવે નં. ૧૩૩ તરફથી રોડ નંબર-૬ ટાટા ચોકડીથી ગાંધીનગરમાં પ્રવેશ કરવો.

● તા. ૮ જાન્યુઆરીથી તા. ૧૪ જાન્યુઆરી દરમ્યાન શાહપુર ચોકડીથી સરગાસણ ચોકડી તરફ જતો તથા ગાંધીનગર બાયપાસ રોડ નહી વાપરવો.

● જિલ્લા પંચાયત સામે પીકઅપ પોઈન્ટ્સ ઉપર આવતી એસ.ટી. બસો છ-૪ સર્કલ થી છ-૩ થી ચ-૩ થી ચ-૦ (ઈન્દ્રોડા સર્કલ) થઈ અમદાવાદ તરફ જશે.

● અમદાવાદ તરફ (કોબા સર્કલ અને વૈષ્ણવદેવી)થી આવતી બસો ચ-૩ થી ઘ-૩ થઈ એસ.ટી.ડેપો તરફ તથા મહેસાણા-હિંમતનગર તરફથી આવતી બસો ચ-૭ થી ચ-૬ થી છ-૬ થી છ-૩ થી ઘ-૩ તરફ જશે.

● તા. ૭ જાન્યુઆરી સાંજે ૬.૦૦ વાગ્યાથી તા. ૮ જાન્યુઆરી બપોરે ૩.૦૦ સુધી તેમજ તા. ૧૦ જાન્યુઆરી સાંજથી તા. ૧૧ જાન્યુઆરી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી જ-રોડ બંધ રાખવામાં આવનાર છે.

● તા. ૭ જાન્યુઆરીથી તા. ૧૩ જાન્યુઆરી દરમ્યાન જ-રોડ તથા ખ-૦ થી ખ-૫ તથા ઘ-૦ થી ઘ-૫ તથા ગ-૩ થી ગ-૫ તથા ચ-૩ થી ચ-૫નો રૂટ બંધ રાખવામાં આવેલ છે. તે સીવાયના માર્ગોનો ઉપયોગ કરવો.

## મહાનુભાવોનો ભારે જમાવડો

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ટીના પ્રેસીડેન્ટ એમ.વી. કોટવાલ, સાબા ઈન્ડિયાના ચેરમેન લાર્સ ઓલોફ લિન્ડગ્રેન અને કેપીએમજી ડિફેન્સ સેન્ટરના ગ્લોબલ હેડ કેન ડ્રોવર ઉપસ્થિત રહેશે. ઈનોવેશન એન્ડ ટેકનોલોજી ઈન ફૂડ પ્રોસેસીંગ ફોર સસ્ટેનિંગ ફૂડ સિકયુરિટી વિષય પર યોજાનાર ઈન્ટરનેશનલ કોન્કલેવમાં કેન્દ્રિય કૃષિ મંત્રી હરસીમરત કર બાદલ, ઈઝરાયેલના કૃષિ અને ગ્રામ વિકાસ મંત્રી યાસિર સમીર, ફુડ પ્રોસેસીંગ મંત્રાલયના સચિવ સિરાજ હુસેન, સ્ટ્રેટેજીક બિઝનેસ ડેવલપમેન્ટના ડિરેકટર શ્રીની ગરુડાચર, યુએનના પ્રતિનિધિ કેવીન ગેલેહર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

સ્માર્ટ સિટિ ફોર નેકસ્ટ જનરેશન વિષયક સેમિનારમાં યુએન હેબીટેટના ડૉ. કુલવંતસિંઘ, નેધરલેન્ડની નેક્ષસ બોવસ કંપનીના સીઈઓ રુજર-દ-બ્રુઆન, ડેન્માર્કના ફલેમિંગ બોરેસ્કોવ અને કેપીએમજી અમેરીકાના સ્ટિફન બેટ્ટી મુખ્ય વકતાઓ તરીક ઉપસ્થિત રહેશે. તેવી જ રીતે આરોગ્ય અંગેના સેમિનારમાં વિશ્વ આરોગ્ય સંસ્થાના નાટા મીનાડે, સ્કૂલ ઓફ પબ્લીક હેલ્થ-યુએસએના એલિન લાબ્રિક, યુનિસેફના સુઈસ જયોર્જ આર્સેનોટ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

## જીપો સદંતર બંધ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જીપ ચાલકો, લારી ગલ્લાં અને ચાની કિટલીવાળાઓને આટલા દિવસ તેમની રોજગારી છીનવાઈ જશે અને કારમી મોંઘવારીમાં મોટો આર્થિક ફટકો સહન કરવો પડશે. હાલ તો નગરમાં ઘણા સમયથી ફરતાં દેખાતા ભિખારીઓ, બાવાઓ, ગાઈ વગાડીને માંગનારાઓ, ફકીરો અને માનસિક અસ્થિરતા ધરાવતા અથવા શારીરિક ખોડખાંપણ ધરાવતા રખડતાં લોકો દેખાતાં બંધ થયા છે અને તેની પાછળ તંત્રની હરકત હોવાનું જ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. આ લોકોને વાઈબ્રન્ટ સમિટ દરમિયાન આમંત્રિત મહેમાનો સમક્ષ રાજયની શોભામાં છેદ ના પડે તે હેતુથી હટાવી દેવાયા છે તેવી વાત ચર્ચાઈ રહી છે. વિશ્વભરમાંથી મોટા મોટા વેપારીઓ અને સોદાગરો અહીં આવી રહ્યાં છે અને પ્રજાને તેમના થકી વિકાસ મળશે. રોજગારી પેદા થશે તેવા સપનાં દેખાડવામાં આવી રહ્યાં છે તે માટે લખલૂટ રૂપિયા પાણીની જેમ વપરાઈ રહ્યાં છે. પરંતુ ખરેખર તો છેવાડાના માનવીને જ કોરાણે મુકવામાં આવી રહ્યો છે. તેની જ રોજગારી છીનવાઈ રહી છે ત્યારે આ તાયફાઓ ખરેખર તેની પરિસ્થિતિમાં કંઈ સુધારો લાવી શકશે કે સહન કરવાનું જ આવશે તેવો પ્રશ્ન આમ આદમી અવાચક મોંઢે વિચારી રહ્યો છે.

## શબ્દાવલી - ૫૬૦૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ■ | ૫ | | ૬ |
| ૭ | | | | ■ | | ■ | |
| | ■ | ૮ | | ૯ | ■ | ૧૦ | |
| | ■ | | ■ | ૧૧ | | | ■ |
| ૧૨ | ૧૩ | ■ | ૧૪ | | ■ | ૧૫ | ૧૬ |
| ■ | ૧૭ | ૧૮ | | ■ | ૧૯ | ■ | |
| ૨૦ | | | ■ | ૨૧ | | ■ | |
| ૨૨ | | | ■ | ૨૩ | | | |

### આડી ચાવી

૧. સાવકી મા, નવી મા (૪)
૫. લગ્ન, શાદી (૩)
૭. રીસામણાને હિન્દીમાં... કહેવાય (૪)
૮. રોકડા, નાણાં (૩)
૧૦. અપેક્ષા, ઇચ્છા (૨)
૧૧. એક પ્રકારનો દિવો (૩)
૧૨. જસ, કિર્તી (૨)
૧૪. જામીન તરીકે રાખેલું પકડેલું (૨)
૧૫. યંત્ર માનવ (૨)
૧૭. લાપોટીયા, એક રમત (૩)
૨૦. ઉજાસ, ચમકારો (૩)
૨૧. શ્રીકૃષ્ણની પ્રિયા (૨)
૨૨. એક ધાતુ (૩)
૨૩. ઇન્સાનીયત, માણસ હોવું તે (૪)

### ઊભી ચાવી

૧. પરોઢ (૫)
૨. પરૂ, રસી (૨)
૩. મોકલવું તે, રવાના કરવું (૪)
૪. ધ્વનિવર્ધક યંત્ર શ્ર૩)
૫. નિયમ (૨)
૬. નિરાશ થવું તે (૩)
૯. દાટવું તે (૩)
૧૦. આશ્રય (૩)
૧૩. સુરક્ષિત (૪)
૧૪. એક પ્રખ્યાત (બુટ-ચંપલની) કંપની (૨)
૧૬. ઘરમાં મોટા ઝાડ જેવા વૃક્ષ નાના સ્વરૂપે ઉછેરવાની પદ્ધતિના છોડ (૪)
૧૮. સાવ ખાલી, મિથ્યા (૩)
૧૯. નિશાની (૩)
૨૦. 'પીચ' શબ્દ ઊંધો થઇ ગયો છે (૨)
૨. આજની ગૃહિણીઓને... વગર ના ચાલે (૨)

### શબ્દાવલી ૫૬૦૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) કમાડ (૩) ચબરાક (૬) મન (૭) કુંપળ (૮) પડળ (૯) નાસ (૧૦) વરાળ (૧૧) ખગ (૧૨) પડાવ (૧૩) ઘંટારવ (૧૪) લંકા (૧૫) રોવે (૧૬) રકાબી (૧૯) લપ (૨૧) વગ (૨૨) અસુર

**ઊભી ચાવી :-** (૧) કમળ (૨) માન (૩) ચપળ (૪) બળ (૫) કપાસ (૭) કુંડળ (૮) પરાવલંબી (૯) નાગરવેલ (૧૦) વડા (૧૧) ખટારો (૧૨) પગરવ (૧૭) કાગ (૧૮) કાંસુ (૨૦) પણ

## સાંસદ દિલીપભાઈ પંડયાના માતૃશ્રીનું નિધન : આજે પ્રાર્થના સભા યોજાશે

રાજય સભાના સભ્ય સાંસદશ્રી દિલીપભાઈ પંડયાના માતૃશ્રી પ્રભાબેન પંડયાનો ગત ૩જી જાન્યુઆરીએ સ્વર્ગવાસ થયેલ છે. સદ્‌ગતનું બેસણું પ્રાર્થના સભા તા. ૫ જાન્યુઆરીએ સોમવારે ગંગવાડી સિધ્ધપુર ખાતે બપોરના ૩ થી સાંજના ૬ વાગ્યા સુધી રાખવામાં આવેલ છે.

## સ્ટેન્ડ ટુ કરાશે

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

ઈવેન્ટ પુરતી એન.ઓ.જી. આપી ૨૫૦ ફાયર એસ્ટીંગ્યુઝર મુકવાયા છે તે ઉપરાંત ૭ ફાયર ટેન્ડર, એક રેસ્કયુ વ્હીકલ વીથ ક્રેઈન અને ચાર ફાયર બુલેટ તૈનાત રખાશે. નવા સચિવાલય હેલીપેડ ખાતે પણ એક વોટર ટેન્ડર મુકાશે. જયારે પીડીપીયુ ખાતે એક વોટર ટેન્ડર અને એક રેસ્ક્યુ વ્હીકલ મુકાશે અને વિવિધ મોટા પાર્કીંગમાં ત્રણ ફાયર ટેન્ડર તૈનાત રાખવામાં આવશે. તે ઉપરાંત ૪ ફાયર ટેન્ડરને ગાંધીનગર ફાયર બ્રિગેડ ખાતે સ્ટેન્ડ બાય રાખવામાં આવશે. આ તમામ ફાયર બંદોબસ્તનું કંટ્રોલીંગ અને મોનીટરીંગ માટે ફાયર સ્ટેશન ખાતે કમાન્ડ યુનીટ મુકી સંચાલન કરવામાં આવશે.

# અરવલ્લી જિલ્લા માટે આજે કાળો દિવસ : જિલ્લામાં આત્મહત્યાના ૩ કેસ નોધાયા

## બાયડના વાસણીરેલ ખાતે તેમજ ધનસુરાના કીડી ગામે ખાતે આત્મહત્યાના બનાવ

(સમીર બલોચ/જીતેન્દ્ર પટેલ ધ્વારા)

મોડાસા, તા.૪

આજે સમગ્ર અરવલ્લી જિલ્લા





માટે કાળો દિવસ સાબીત થયો છે અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના વાસણી રેલ ગામે તેમજ ધનસુરા તાલુકાના કીડી ગામે આજે આત્મહત્યાના થઈ કુલ ૩ બનાવો બન્યા હતા.

પ્રાપ્ત માહીતી અનુસાર અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના વાસણીરેલ ગામે ગઈકાલે રાત્રે આ જ ગામ માં રહેતા રાવળ રોહિતકુમાર વિનુભાઈએ કોઈ અગમ્ય કારણોસર છાપરીયા ગામની સીમમાં આવેલ ખેતરમાં આવેલ ઈલેકટ્રીકના થાંભલા પર દોરી બાંધી ગળે ટુપોખાઈ મોતને વ્હાલુ કર્યુ હતુ.

જયારે આ બીજા બનાવ માં બે દિવસ પહેલા ધનસુરા તાલુકાના કીડી ગામેથી એક પરણિત મહિલા અને તેની એક વર્ષની દિકરીને લઈને સાસરિયાના ત્રાસથી કંટાળીને ઘરેથી કોઈને કહયા ચાલ્યા વગર ગુમ થઈ ગઈ હતી પરિવારજનોએ શોધખોળ આદરી પણ કોઈ પત્તો લાગ્યો ન હતો. જયારે આ અંગે ધનસુરા પોલીસ સ્ટશેન ખાતે જાણવાજોગ નોધ કરવામાં આવી હતી.

જયારે આજે સવારે નજીક આવેલ ગામના ખેતરના કુવામાંથી મહિલાની લાશ મળી આવતા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ઓળખવિધી કરતા

બે દિવસ પહેલા ગુમ થયેલ પરણીત સ્ત્રી સોવનબા અને તેની એક વર્ષીય દિકરીની લાશ હોવાનુ બહાર આવ્યુ હતુ ત્યારે આ અંગે સોહનબાના પિતા ધ્વારા પોતાની દિકરીએ આ પગલુ સાસરીયાના ત્રાસથી કંટાળીને લીધુ છે તેવી ફરીયાદ નોધાવતા પોલીસ ધ્વારા મહિલાના પતિ અને તેના સસરાની ધરપકડ કરી હતી જયારે મહિલાના પતિએ મરણ જનાર સોહનબાએ તેની એક વર્ષીય દિકરીની હત્યા કરતાં ધનસુરા પોલીસ સ્ટેશન ખાતે મરણ જનાર મહિલા વિરૂધ્ધ પણ ફરીયાદ નોધવામાં આવી હતી.

## ભવિષ્યની ચિંતામાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિરોધ અને અપેક્ષા નકારાત્મકતા ઉભી કરે છે. કલ્ચરલ ફોરમ આયોજિત 'અર્ક' વ્યાખ્યાનમાળા દરમિયાન જીવવુ છે શાનદાર અને જાનદાર વિષય અંગે તેમણે રમુજી શૈલીમાં દ્દષ્ટાંતો આપતા ઉપસ્થિત શ્રોતાઓને વિનોદમાં જીવવાની પણ રાહ ચિંધી હતી. કલ્ચરલ ફોરમ આયોજિત અર્ક વ્યાખ્યાનમાળા દરમિયાન શાનદાર અને જાનદાર જીવન જીવવા પુ. મોરારીબાપુએ 'માસ્ટર કી' ને વર્ણવી હતી. તેમણે જણાવ્યું હતું કે આજે સમાજમાં લેબલવાળા માણસો મળે છે પણ લેવલવાળા મળતા નથી. વિચારો મોટી મુડી છે. ત્યારે વિચારોમાં જીવવુ અનિવાર્ય છે. વિચાર શૂન્યતાને ત્યજી માણસે કેવા અને કેટલા વિચારો કરવા તેની સ્વીચ પણ રાખવી જોઈએ. વિચારોની સ્વીચ વિશ્વાસ, વિવેક, વૈરાગ્યના સદ્‌ગુણો સાથે અપેક્ષા અને વિરોધ વગરનું જીવન શાનદાર અને જાનદાર બની શકે છે. સંશય અને અંધવિશ્વાસને ત્યજવા જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે રોજ નવા કપડા પહેરવાની સાથે તાજા અને સારા વિચારો કરવા પણ અનિવાર્ય છે. વિચારો ક્યારેય ઘરડા ન થવા જોઈએ. આનંદી જીવન જીવવા માટે વિનોદમાં રહેવાનું પણ જરૂરી છે. વ્યક્તિએ વિશાદમાં રહેવાને બદલે આનંદમાં રહેવુ અનિવાર્ય છે. અતિતના અનુસંધાન અને ભવિષ્યની ચિંતામાં આપણે તુટી ગયા છીએ. તેમણે હનુમાનજીના દ્દષ્ટાંતો રજૂ કરીને પણ જાનદાર અને શાનદાર જીવન બનાવવા સમજણ પુરી પાડી હતી. કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જ્હાએ પણ આ તબક્કે જણાવ્યું હતું કે ભૌતિક સુવિધાઓ વચ્ચે આજે માણસ અંદરથી દુઃખી છે ત્યારે શાનદાર અને જાનદાર જીવન જીવવાની રાહ કેળવાય તેવા આશયથી આ વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું છે.

## અણધારી વિદાય... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મુર્દાબાદ, પાતળી પરમાર, નવરંગ ચૂંદડી, માલવપતિ મુંજ, રાનવઘણ, સંતુ રંગીલી, ધરતીના ખમી, ભાદરના કાંઠે, વહુએ વગોવ્યા મોટા ખોરડા, માણસાઈના દીવા, દિકરો મારો લાડકવાયો, માનવીની ભવાઈ જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. ઉપેન્દ્ર ત્રિવેદીને કચ્છ પ્રત્યે અનન્ય પ્રેમ હતો. તેઓ કચ્છમાં પણ 'તેરા' ગામના ખાસ આશિક હતા. કચ્છમાં જેસલ જાડેજાના સંવાદો જાહેર કાર્યક્રમોમાં બોલવાનો તેમને બહુ આનંદ આવતો. તેઓ ગાંધીનગર અને અમદાવાદના કલાકારોને પ્રોત્સાહિત કરવા માટે સદાય તત્પર રહેતા હતા. માનવીની ભવાઈનું શુટિંગ ગાંધીનગર-સાબરકાંઠા પંથકમાં કર્યુ હતુ. વતન કુકડિયા પ્રત્યે પણ તેમને જબરજસ્ત લગાવ હતો.

તેમનો મનપસંદ અભિનેતા દિલીપકુમાર તો મનપસંદ અભિનેત્રી સુચિત્રા સેન હતી. મનપસંદ રાજકારણી સરદાર પટેલ હતા. ઉપેન્દ્રભાઈએ લીધેલી અચાનક વિદાયથી કલાજગત આજે સ્તબ્ધ બની ગયું છે. સ્વર્ગસ્થની મુંબઈ ખાતે નીકળેલી અંતિમયાત્રામાં અનેકવિધ મહાનુભાવો જોડાયા હતા.

ઉપેન્દ્રભાઈના અવસાન અંગે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલા, રાજયપાલશ્રી ઓ.પી. કોહલી, વિધાનસભાના અધ્યક્ષ શ્રી ગણપત વસાવા, ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્ત જહા, માજી મુખ્યમંત્રી શ્રી સુરેશ મહેતા, પૂર્વમંત્રી શ્રી બાબુભાઈ મેઘજીભાઈ શાહ વિગેરેએ ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી જણાવ્યું છે કે ગુજરાતની રંગભૂમિને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

## ટાઈમલાઈન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આપવામાં આવી રહેલા ગુજરાત કાર્ડની સંખ્યા ૨૦,૦૦૦ને પાર કરી ગઈ છે. છેલ્લા એક સપ્તાહમાં કાર્ડની સંખ્યામાં ૫૦૦૦નો વધારો નોંધાયો છે. આ કાર્ડધારકોને હોટલ, ગારમેન્ટ સ્ટોર્સ, જવેલરીશોપ, હોસ્પિટલ જેવી જગ્યાઓ ઉપર ખાસ વળતરનો લાભ આપવામાં આવતો હોય છે, એ ઉપરાંત સરકારી કચેરીઓ અને સરકારી સંસ્થાઓની સેવામાં પ્રાથમિકતા મળે છે. પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીમાં પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદી અને તેમની કેબિનેટના સભ્યો ઉપરાંત દેશ-વિદેશના અનેક મહેમાનો ઉપસ્થિત રહેવાના છે, જેમને ગુજરાત ટુરિઝમની ટૂરના પેકેજ આપવામાં આવ્યા છે...

**મહેમાનોનું સ્વાગત તો કરવું પડે ને ...**

ઉત્તરાયણ પૂર્વે વિશ્વના દેશોનો પવન પલટાયો છે. એવો દાવો થાય છે કે વિશ્વના ૧૨૦ કરતાં વધુ દેશોના ડેલિગેટ્સ ગાંધીનગરના મહાત્મા મંદિરના મહેમાન બનવાના છે. આ મોંઘેરા વિદેશી મહેમાનો માટે વર્લ્ડ બ્રાન્ડેડ વાઈનની બોટલોના ઓર્ડર આપવામાં આવ્યા છે, જો કે આ મહેમાનો માટે મહાત્મા મંદિર તમાકુ અને શરાબના સેવન સામે પ્રતિબંધ ફરમાવે છે. તેમને જયાં ઉતારો આપવામાં આવ્યો છે તે ફાઈવસ્ટાર હોટલોમાં વિદેશની મોંઘી શરાબ પિરસવામાં આવશે. રાજય સરકારના ગૃહ મંત્રાલયને -ેહિબિશનના નોર્મ્સમાં સુધારા કરવા પડ્યા છે. ટુરિઝમના એક ઓફિસરના કહેવા પ્રમાણે જર્મન, ફ્રાન્સ અને યુએસ થી ખાસ પ્રકારનો કિમતી શરાબ મંગાવવામાં આવ્યો છે. ઉદ્યોગનું પ્રોડકશન ભલે મેઈક ઈન ગુજરાત હોય, શરાબ તો મેઈડ ઈન ફોરેન જ હોય ને... યજમાન બન્યા છીએ તો મહેમાનોની આગતા-સ્વાગતા કરવી પડે ભાઈ !...

**ઇન્ડસ્ટ્રીયલ ગુજરાત એટ એ ગ્લાન્સ ...**

ગુજરાતમાં વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટના પ્રણેતા નરેન્દ્ર મોદીએ તેમના ૧૨ વર્ષના શાસનમાં છ સમિટ કરી હતી, જયારે આનંદીબેનના નેતૃત્વ હેઠળ ૨૦૧૫માં પહેલી અને રાજયની સાતમી વાયબ્રન્ટ સમિટ છે. અગાઉની સમિટનું સરવૈયુ આ પ્રમાણે છે.

| વર્ષ .... | MoUs ... | Invt. (US Bn $) |
|---|---|---|
| ૨૦૦૩ ..... | ૭૬ .... | ૧૪ |
| ૨૦૦૫ ..... | ૨૨૬ .... | ૨૦ |
| ૨૦૦૭ ..... | ૬૭૫ .... | ૧૫૨ |
| ૨૦૦૯ ..... | ૮૬૬૦ .... | ૨૫૩ |
| ૨૦૧૧ ..... | ૭૯૩૬ .... | ૪૫૦ |
| ૨૦૧૩ ..... | ૧૭,૭૧૯... | ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન્સ |

સચિવાલયના સૂત્રોના જણાવ્યા પ્રમાણે ગુજરાતમાં સાતમી અને અંતિમ વાયબ્રન્ટ સમિટ છે, હવે પછીની ગ્લોબલ સમિટનું યજમાન કેન્દ્રની મોદી સરકાર રહેશે.

**સુરતમાં પહેલો સ્પેશ્યલ નોટીફાઇડ ઝોન ...**

ભારત સરકાર જો મંજૂરી આપશે તો સુરતને ડાયમન્ડનો સ્પેશ્યલ નોટીફાઈડ ઝોન- એસએનઝેડ મળી શકે છે, જે ઈન્ડિયાનો બીજો ઝોન હશે. જેમ્સ એન્ડ જવેલરી એસ્પોર્ટ પ્રમોશન કાઉન્સિલ તરફથી કેન્દ્ર સરકારને આ હેતુ માટે એક પ્રપોઝલ મોકલવામાં આવી છે. કેન્દ્રએ તાજેતરમાં જ મુંબઈમાં એક સ્પેશ્યલ નોટીફાઈડ ઝોનની જાહેરાત કરી છે. ગુજરાત ડાયમન્ડ બોર્સની કમિટીએ આ ઝોન માટેનો ઠરાવ પસાર કરી દીધો છે. ઉલ્લેખનીય છે કે સુરત એ ડાયમન્ડ નિકાસનું સૌથી મોટું હબ છે...

**સૌરાષ્ટ્રના યુવાનને અમેરિકામાં ઇનામ ...**

મૂળ સૌરાષ્ટ્રના યુવાન સુલતાન ખેતાણીએ અમેરિકામાં તબીબી શ્રેત્રે અનોખી સિદ્ધિ હાંસલ કરી છે. એસઆરએમ ખાતે બાયોમેડિકલ એન્જિનયરીગ ડિપાર્ટમેન્ટના અનુસ્નાતક વિદ્યાર્થી સુલતાન તથા તેમના પ્રોજેક્ટ ઈન્સ્ટ્રક્ટર હાવર્ડ મેડિકલ સ્કૂલના ડો. સફી હાદીએ વર્ષ-૨૦૧૪માં બ્રાઈટ ફ્યુચર્સ ઈનામ જીત્યું છે. ખૂબ જ ઓછા ખર્ચની ફ્લેક્સિબલ માઈક્રોચીપનો ઉપયોગ કરી એચઆઈવી-એઈડ્સને લડત આપવા માટે તેમણે કરેલા સંશોધન બદલ એક લાખ ડોલરનું ઈનામ મેળવ્યું છે. આ સાધનની મદદથી એચઆઈવીના ચેપનું ઝડપભેર, સરળ અને ખૂબ જ ઓછા ખર્ચે નિદાન કરી શકાય છે...

**દાંડી કૂટિર એક અલભ્ય સંગ્રહાલય ...**

ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિરમાં ઉભી કરાયેલી દાંડી કૂટિર એક અલભ્ય સંગ્રહાલય બની રહેશે. મહાત્મા ગાંધીજીના જીવન-કવન કાર્યોને ત્રણ ભાગમાં દાંડી કૂટિરમાં પ્રદર્શિત કરવામાં આવ્યા છે. પ્રથમ ભાગમાં ગાંધીજીના બાળપણ થી યુવાવય સુધીનું જીવન-કવન, બીજા ભાગમાં મહાત્મા ગાંધીજીની ઈંગ્લેન્ડ અને આફ્રિકાની મુલાકાત અને બેરિસ્ટર તરીકેના અનુભવો તથા ત્રીજા ભાગમાં ભારતની આઝાદીની ચળવળમાં ગાંધીજીના નેતૃત્વમાં ખેલાયેલા અહિંસક સંઘર્ષ-જંગની વિગતોને તલસ્પર્શી રીતે આવરી લેવામાં આવ્યા છે. ગાંધીજીએ વિશ્વના જે નેતાઓને પ્રેરિત કર્યા છે તેમને પણ આ કૂટિરના ધ્યાન ખંડની રચનામાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. મંદિરનું મુખ્ય આકર્ષણ એવી આ કૂટિરનું નિર્માણ આધુનિક ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ કરીને કરવામાં આવ્યું છે...

**કેનાલ ટ્રાન્સપોર્ટનો ઉદય ક્યારે થશે ...**

મહારાષ્ટ્રના હાર્ટસમા મુંબઈમાં ફેબ્રુઆરીમાં વોટર ટ્રાન્સપોર્ટ સર્વિસનો કાયદેસર પ્રારંભ થઈ રહ્યો છે અને પહેલી મુસાફરી બોરીવલી થી નરીમન પોઈન્ટ સુધીની હશે તેવી જાહેરાત કેન્દ્રીય પ્રધાન નિતીન ગડકરીએ કરી છે. તેમણે બીજી જાહેરાત દિલ્હી થી આગ્રા ની વોટર ટ્રાન્સપોર્ટની કરી છે. જો કે ગુજરાત સરકારે ૨૦૦૭માં નર્મદા કેનાલ બેઝ ટુરિઝમને વિકસાવવાની જાહેરાત કરી હતી પરંતુ હાલ તે માત્ર કેવડિયા કોલોની સુધી સિમિત રહી ગઈ છે. નર્મદાની મુખ્ય કેનાલને જોડતા એવા કેટલાય શહેરો છે કે જયાં વોટરબેઝ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ શરૂ કરી શકાય તેમ છે. રાજય સરકારની નજરમાં આ પ્રોજેક્ટ આવે તો ભૂમિ ઉપરનો ટ્રાફિક થોડો હળવો કરી શકાય તેમ છે. જો કે આ પ્રોજેક્ટમાં ઈંધણ તરીકે સોલાર પાવર કે બેટરીનો ઉપયોગ પ્રદૂષણ અટકાવી શકે છે...

**ગુજરાતના છ સ્માર્ટ સિટીમાં શું હશે ...**

સ્માર્ટ સિટી એટલે કે મોર્ડન સેટેલાઈટ ટાઉન... ગુજરાતના છ શહેરોનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે. સ્માર્ટ સિટી એટલે સ્માર્ટ ગવર્નન્સ, સ્માર્ટ એનર્જી, સ્માર્ટ એનવાયરમેન્ટ, સ્માર્ટ ટ્રાન્સપોર્ટેશન, સ્માર્ટ આઈટી-કોમ્યુનિકેશન્સ, સ્માર્ટ બિલ્ડીગ્સ, સ્માર્ટ હેલ્થ અને સ્માર્ટ એજયુકેશનની સુવિધા હશે. ગુજરાતના અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર અને ગાંધીનગરના ગિફ્ટસિટીનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ઉપરોક્ત તમામ સુવિધાઓનો વાયદો કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટમાં ભારતના ૧૦૦ શહેરો પસંદ કરવામાં આવ્યા છે અને તેનું લોચિંગ ૨૦-૨૨ મે ૨૦૧૫ દરમ્યાન દિલ્હીના -ગતિ મેદાનમાં થવાનું છે...

**ધરતીકંપ પ્રૂફ બાંધકામ કોને કહેવાય ...**

ઈન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચના ડાયરેક્ટર જનરલ ડો. બી.કે.રસ્તોગીએ એક મુલાકાત વખત કહ્યું હતુ કે હું અમદાવાદમાં મકાનની સ્કીમ જોવા નિકળ્યો હતો. મેં બિલ્ડરને પૂછ્યું, આ મકાન કેટલું ટકાઉ છે. ત્યારે તેણે કહ્યું કે, સાહેબ- આ મકાન અર્થક્વેક પ્રૂફ છે. તેના બિલ્ડીગ મટીરિયલ્સની ડિટેઈલ જોઈને હું હસ્યો, બિલ્ડરે કહ્યું શું થયું સાહેબ, મેં જવાબ આપ્યો, ભાઈ, દુનિયાના જાપાન સહિતના દેશો ચેતી ગયા છે પણ આપણે ૨૦૦૧માં ભૂકંપ પછી પણ સાવધાની રાખતા નથી. તમારી સ્કીમ ભૂકંપ સામે જરા પણ ટકી શકે તેવી નથી... આ વાત એટલે યાદ આવી કે, ધરતીકંપ પ્રૂફ બાંધકામ કોને કહેવાય તે જાણવું હોય તો અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશનના બે દિવસના સેમિનારમાં હાજરી આપવા જેવી છે, કારણ કે ઈન્ટરનેશનલ કક્ષાના આ સેમિનારમાં દેશ-વિદેશના ભૂકંપ નિષ્ણાંતો તેમાં ઉપસ્થિત રહેવાના છે. આ સેમિનારમાં અર્થક્વેકથી થનારા નુકશાનને કેવી રીતે ઓછું કરી શકાય તેના ઉપાયો સૂચવવામાં આવનાર છે...

## ટુંકી મુદતની જાહેરાત

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરનો પ્રથમ પદવીદાન સમારંભ તા. ૨૪/૧/૨૦૧૫ના રોજ કર્મયોગી ભવન, ગાંધીનગર ખાતે યોજવામાં આવનાર છે. આ સમારંભ માટે સ્થળ ઉપર આશરે ૫૦૦ વ્યક્તિઓ બેસી શકે તેવો મંડપ, સ્ટેજ, સોફા તેમજ ખુરશીઓ, મુખ્ય મહેમાનો માટે કામચલાઉ રેસ્ટ રૂમ અને કેટરીંગની વ્યવસ્થા કરાવવાની થાય છે. આ અંગે રસ ધરાવતી પાર્ટીઓએ કામની વિગત દર્શાવતા જરૂરી કોરા ફોર્મ કચેરી કાર્યાલયમાંથી કામકાજના દિવસોમાં ૧૧-૦૦ થી ૪-૦૦ કલાક દરમિયાન મેળવી આ બાબતે પોતાના ભાવ તા. ૧૫/૧/૨૦૧૫ સાંજે ૫-૦૦ કલાક સુધીમાં નીચેના સરનામે રૂબરૂ અથવા ટપાલથી મોકલી આફવાના રહેશે. સમયમર્યાદા બાદ આવેલ ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.

-: સરનામું :-

**કામધેનુ યુનિવર્સિટી,** ચોથો માળ, બી-વીંગ, બ્લોક નં.૧, કર્મયોગી ભવન, નિર્માણ ભવન પાછળ, સેકટર-૧૦, ગાંધીનગર.

માહિતી/૨૧૧૫/૨૦૧૪-૧૫